સંદેશ , પાના નંબર :- ૦૫
તારીખ :- ૨૫ / ૦૭ / ૨૦૨૬

### જળબંબાકાર અમદાવાદમાં મેટ્રો જાહેર પરિવહનની જીવાદોરી બની

# ભારે વરસાદમાં અમદાવાદ મેટ્રો ચલ પડી ૨૫ હજાર જેટલા મુસાફરોનો વધારો નોંધાયો

## રસ્તા બંધ, ટ્રાફિકજામ, શહેર જળમગ્ન તેવામાં શહેરીજનોએ મેટ્રોની સવારી પસંદ કરી

| અમદાવાદ |

શહેરમાં ગુરુવારે પડેલા અતિભારે વરસાદે જનજીવન અસ્તવ્યસ્ત કરી દીધું હતું. અનેક મુખ્ય માર્ગો પાણીમાં ગરકાવ થતાં વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો. અનેક વિસ્તારોમાં ટ્રાફિક જામ સર્જાયો હતો અને લોકો કલાકો સુધી રસ્તાઓ પર અટવાઈ ગયા હતા. આવા કપરા સંજોગોમાં અમદાવાદ મેટ્રો હજારો નાગરિકો માટે સંકટ સમયની જાહેર પરિવહન સેવા તરીકે ઊભરી આવી હતી. અમદાવાદ મેટ્રોના મુસાફરીના આંકડા મુજબ ૨૩ જુલાઈના રોજ ૧,૯૫,૫૨૦ મુસાફરોએ મેટ્રોમાં સફર કરી હતી, જ્યારે જુલાઈ મહિનામાં સામાન્ય દિવસોમાં દૈનિક મુસાફરોની સંખ્યા અંદાજે ૧.૭૦ લાખની આસપાસ રહેતી હતી. એટલે કે ભારે વરસાદના દિવસે સરેરાશ કરતાં આશરે ૨૫ હજાર જેટલા વધુ મુસાફરોએ મેટ્રોનો ઉપયોગ કર્યો હતો. ભારે વરસાદને કારણે શહેરના અનેક માર્ગો પર પાણી ભરાઈ જતાં એએમટીએસ, બીઆરટીએસ અને ખાનગી વાહનવ્યવહારને માઠી અસર પહોંચી હતી. ઓફિસ જતા કર્મચારીઓ, વેપારીઓ તેમજ અન્ય નાગરિકોએ રસ્તાના ટ્રાફિકથી બચવા માટે મેટ્રોને પ્રથમ પસંદગી બનાવી હતી. પરિણામે સવારે અને સાંજે પીક અવર્સ દરમિયાન અનેક સ્ટેશનો પર મુસાફરોની અવરજવર સામાન્ય દિવસોની સરખામણીએ નોંધપાત્ર રીતે વધી હતી. વરસાદી પરિસ્થિતિમાં પણ મેટ્રો સેવા નિયમિત અને સમયસર ચાલુ રહેતાં હજારો મુસાફરોને તેમના ગંતવ્ય સ્થાને ઝડપથી પહોંચવામાં મોટી મદદ મળી હતી. શહેરમાં માર્ગ પરિવહન ખોરવાઈ જતાં મેટ્રોએ સાચા અર્થમાં જાહેર પરિવહનની 'જીવાદોરી' તરીકેની ભૂમિકા ભજવી હતી.